મિથ્યાદર્શનાવિરતિ-પ્રમાદ-કષાય-યોગા બન્ધહેતવઃ ૮-૧

મિથ્યાદર્શન-અવિરતિ-પ્રમાદ-કષાય-યોગા: બન્ધહેતવઃ ૮-૧

સૂત્રાર્થ: મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ કર્મબંધના કારણો છે. આ ભાવબંધ છે.

ભાવાર્થ: [૧] મિથ્યાદર્શન એટલે ઉલ્ટી શ્રદ્ધા, ઊંધી શ્રદ્ધા. તત્ત્વને અતત્ત્વ માનવું. સંસાર અને સંસારી ભાવોને ઉપાદેય (આદરવા લાયક) માનવા. મોક્ષ અને મોક્ષના સાધનોને હેય (છોડવા લાયક) માનવા.

જડ-ચેતન વગેરે તત્ત્વોનું જે વાસ્તવિક સ્વરૂપ છે તેમાં મન ફાવે તેમ ખોટી આપણી કલ્પના કરવી તે મિથ્યાદર્શન. સરળ ભાષામાં કહીએ તો સર્વજ્ઞ વીતરાગ પ્રત્યે અશ્રદ્ધા અને અરુચિ તે મિથ્યાદર્શન. તેના જુદી જુદી રીતે જુદા જુદા ભેદો શાસ્ત્રોમાં આવે છે. કર્મગ્રંથમાં નીચે પ્રમાણે પાંચ ભેદો પ્રસિદ્ધ છે.

મિથ્યાદર્શનના ભેદો:
(૧) આભિગ્રહિક (૨) અનાભિગ્રહિક (૩) આભિનિવેશિક
(૪) સાંશયિક અને (૫) અનાભોગિક.

(૧) આભિગ્રહિક મિથ્યાત્વ: અભિગ્રહ એટલે આગ્રહ. વિપરીત સમજણથી અતાત્ત્વિક બૌદ્ધ આદિ ગમે તે એક દર્શન ઉપર આ જ સત્ય છે એવો આગ્રહ અને સર્વજ્ઞએ કહેલા દર્શન તેમજ મોક્ષના સ્વરૂપ તરફ અશ્રદ્ધા. આમાં વિપરીત સમજણ તથા અભિગ્રહ (પકડ) મુખ્ય ભાગ ભજવે છે. ભવ્ય અને અભવ્ય બંને જીવને આભિગ્રહિક મિથ્યાત્વ હોઈ શકે.

ઉપર લખવું.

मिथ्यादर्शनाविरति - प्रमाद - कषाय - योगा बन्धहेतवः ८-१

(2) અનાભિગ્રહિક મિથ્યાત્વ: કોઈ આગ્રહ નહીં.

અનાભિગ્રહિક એટલે અભિગ્રહની પકડ કે રહિત, જે સોનું છે તેને સોનું જ માનવું જોઈએ અને જે માટી હોય તેને માટી જ માનવી જોઈએ. એ રીતે સત્યસ્વરૂપને સત્ય અને અસત્ય સ્વરૂપને અસત્ય માનવાનો આગ્રહ જે ન રાખે તેમજ સર્વે સમજણના અભાવે "સર્વે દેવો સારા છે", "સર્વે ધર્મો સરખા છે" એમ સામાન્ય બુદ્ધિ કે વિચારે તે અનાભિગ્રહિક મિથ્યાત્વ. અભવ્ય જીવોને આ મિથ્યાત્વ ન હોય.

(3) આભિનિવેશિક મિથ્યાત્વ:

અભિનિવેશ એટલે કદાગ્રહ, દુરાગ્રહ, ખોટી પકડ. તત્ત્વોને બરાબર જાણે છતાં અહંકાર, માન અથવા લાભ (લોભ) વગેરે કારણોને લઈને ખોટાપણું અથવા પોતે સ્વીકારેલી માન્યતા ખોટી છે એમ જાણવા છતાં પકડી રાખે. અસત્ય સિદ્ધાંત વિશે પકડ અહંકારના કારણે છે. ભગવાન મહાવીરસ્વામીના જમાઈ જમાલિનો કદાગ્રહ જાણીતો છે. આ પ્રકારનું મિથ્યાત્વ સમ્યક્ત્વ કે વમી ગયેલા જીવને હોય છે. અભવ્ય જીવોને હોય નહિ.

(4) સાંશયિક મિથ્યાત્વ:

પરમાત્માએ કહેલા જીવાદિ તત્ત્વો સત્ય હશે કે નહિ તેવી શંકા સાંશયિક મિથ્યાત્વ છે. સર્વજ્ઞ વીતરાગી પરમાત્મા ઉપર અશ્રદ્ધા મુખ્ય કારણ છે. અભવ્યને આ મિથ્યાત્વ ન હોય.

(5) અનાભોગિક મિથ્યાત્વ:

અનાભોગ એટલે અજ્ઞાનતા. અજ્ઞાનતાના કારણે તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા કે વિપરીત શ્રદ્ધા તે અનાભોગિક મિથ્યાત્વ. આ મિથ્યાત્વ એકેન્દ્રિય આદિ જીવોને તથા કોઈ વિષયમાં વિપરીત શ્રદ્ધા ધરાવનાર સાધુ અથવા શ્રાવકને હોય છે.

ભગવાનોના તત્ત્વો વિપરીત શ્રદ્ધા દર્શાવનારને જો કોઈ સમજાવે તો તે પોતાની ભૂલ સુધારી લે છે કારણ કે તેને કોઈ આગ્રહ (પકડ) નથી.

અહીં અશ્રદ્ધાના બે અર્થ છે (૧) વિપરીત શ્રદ્ધા અને (૨) શ્રદ્ધાનો અભાવ. પ્રથમના ત્રણ મિથ્યાત્વમાં વિપરીત શ્રદ્ધા રૂપ અશ્રદ્ધા છે. બાકીનામાં મિશ્ર ભાવ છે અર્થાત્ શ્રદ્ધાનો બિલકુલ અભાવ નહિ તેમ પૂરી શ્રદ્ધા પણ નહિ. સંશય અનાભોગિક મિથ્યાત્વમાં એકેન્દ્રિય આદિ જીવોને શ્રદ્ધાના અભાવ રૂપ મિથ્યાત્વ છે.

<u>શંકા</u>: સાંશયિક મિથ્યાત્વ અને શંકા અતિચાર એ બેમાં શું ભેદ છે?

<u>સમાધાન</u>: સર્વજ્ઞે કહેલા પદાર્થ તત્ત્વો (જિન-વાણી) સત્ય હશે કે નહિ? એવી શંકા એ સાંશયિક મિથ્યાત્વ છે. સાંશયિક મિથ્યાત્વવાળો જીવ <u>પહેલા</u> ગુણસ્થાને હોય છે. આગમોમાં જણાવેલા પદાર્થો, મંદમતિથી ન સમજી શકાય અમુક વસ્તુ અમુક સ્વરૂપે હશે કે નહિ તેવી શંકા થવી તે શંકા અતિચાર છે. શંકા અતિચાર યુક્ત જીવ <u>ચોથા</u> ગુણસ્થાને હોય છે.

ટૂંકમાં સાંશયિક મિથ્યાત્વમાં જિનવચનની પ્રમાણિકતામાં શંકા છે અને શંકા અતિચારમાં શાસ્ત્રોમાં વર્ણવેલા પદાર્થો અંગે શંકા છે. શંકા અતિચાર ચોથે ગુણસ્થાને હોય અને સાંશયિક મિથ્યાત્વ પહેલે ગુણસ્થાને હોય.

# મિથ્યાત્વના ભેદ

- **આભિગ્રહિક** → વિપરીત સમજણના તત્ત્વો અન્ય દર્શન ઉપર શ્રદ્ધાનો આગ્રહ રાખે.
- **અનાભિગ્રહિક** → યોગ્ય સમજણનો અભાવ હોવાથી સર્વ દર્શનો ઉપર શ્રદ્ધા રાખે, આગ્રહ નહિ
- **આભિનિવેશિક** → મતાંતરના તત્ત્વો અસત્યને અસત્ય સમજવા છતાં પોતે સ્વીકારેલી માન્યતાને પકડી રાખે. કદાગ્રહ છે. (મતાંતરના તત્ત્વો)
- **સાંશયિક** → વીતરાગની વાણી ઉપર શંકા કરે.
- **અનાભોગિક** → અજ્ઞાનતાના તત્ત્વો શ્રદ્ધા નહિ ~~[illegible]~~ મોટો આગ્રહ પણ નહિ, કોઈ સારૂ સમજાવે તો સમજી જાય, સરળતા છે.

નોંધ:- અભવ્ય જીવોને અનાભિગ્રહિક, સાંશયિક અને આભિનિવેશિક મિથ્યાત્વ ન હોઈ શકે.

[2] અવિરતિ: હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ થી મન-વચન-કાયા પૂર્વક કરવા-કરાવવા કે અનુમોદના થી અટકવું તે વિરતિ અને નહિ વિરમવું તે અવિરતિ.
પરિજ્ઞાપૂર્વક ત્યાગનો અભાવ અથવા પચ્ચખાણ પૂર્વક પાપ થી વિરમવાની (અટકવાની) વૃત્તિનો અભાવ તેને અવિરતિ કહેવાય છે. છ કાયની હિંસા અને મન તથા પાંચ ઇંદ્રિયો એમ ૬ ઇંદ્રિયોનો અસંયમ, કુલ મળીને અવિરતિના બાર(૧૨) ભેદ છે.

[3] પ્રમાદ: આળસ, ધાર્મિક અનુષ્ઠાનોમાં ઉત્સાહનો અભાવ, ભૂલી જવું, રાગ-દ્વેષવાળી કુકથાઓમાં રસ, કષાયો, આર્તધ્યાન, રૌદ્રધ્યાન વગેરે પ્રમાદ કહેવાય છે.
શાસ્ત્રોમાં (૧) મદ્ય (માદક આહાર, મદિરાપાન), (૨) પાંચ ઇંદ્રિયોના વિષયોની ઉત્તેજના (૩) ચાર કષાયો (૪) નિદ્રા અને (૫) ચાર વિકથા (સ્ત્રીકથા, ભક્તકથા(ભોજનકથા) દેશકથા, રાજકથા) એમ પાંચ પ્રકારનો પ્રમાદ કહ્યો છે.
કોઈ પરંપરામાં પ્રમાદના આઠ ભેદો પણ કહ્યા છે. (૧) અજ્ઞાન (૨) સંશય (૩) મિથ્યાજ્ઞાન (૪) રાગ (૫) દ્વેષ (૬) મતિભ્રંશ (ભૂલી જવું) (૭) ધર્મકાર્યમાં અનાદર અને (૮) યોગોનું દુષ્પ્રણિધાન (અશોભન પ્રવૃત્તિ) એમ આઠ પ્રકારનો પ્રમાદ કહ્યો છે.
અહીં પાંચ અને આઠ પ્રકારના પ્રમાદમાં કષાયનો સમાવેશ થઈ જાય છે. એટલે જ કર્મગ્રંથમાં પ્રમાદને જુદો બંધહેતુ ગણાવ્યો નથી છતાં પણ પાંચ પ્રકારના પ્રમાદમાં કષાય નામનો ત્રીજો ~~પ્રમાદ~~ બંધહેતુ જ પ્રધાન છે.

જાતિના આરે પ્રમાદો કષાયના પ્રકાર હોય છે એમ સમજવાના કષાય ની પ્રધાનતા બતાવવા કષાય જુદો કહ્યો છે. બાકી પ્રમાદો કષાયના આધારે જ રહે છે.

સૂક્ષ્મદ્રષ્ટિએ વિચારીએ તો મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદ એ ત્રણેનો કષાયમાં સમાવેશ થઈ જાય છે. અનેરૂપ કર્મપ્રકૃતિ (કર્મગ્રંથ) વગેરે ગ્રંથોમાં કષાય અને યોગ એમ બે જ બંધહેતુ કહ્યા છે.

મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદ એ ત્રણે બંધહેતુ કાર્ય છે અને કષાય એ કારણ છે. એમ કાર્ય-કારણ સમજવાના જુદો ઉલ્લેખ કર્યો છે.

મિથ્યાત્વ એ અનંતાનુબંધી કષાયનું કાર્ય છે.
અવિરતિ તે અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનાવરણ કષાયનું કાર્ય છે.
પ્રમાદ તે સંજ્વલન કષાયનું કાર્ય છે.

<u>અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ થતા મિથ્યાત્વ દૂર થાય છે.</u>
<u>અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ક્ષયોપશમ થતાં અવિરતિ દૂર થાય છે.</u>
<u>સંજ્વલન કષાયોનો ક્ષયોપશમ થતાં પ્રમાદ દૂર થાય છે.</u>

[૪] કષાય: ક્રોધ, માન, માયા અને લોભ ચાર કષાયો છે.

[૫] યોગ: મન, વચન અને કાયાની શુભ-અશુભ પ્રવૃત્તિ એમ ત્રણ પ્રકારે યોગ છે.

શંકા: છઠ્ઠા અધ્યાયના [illegible] અને છઠ્ઠા સૂત્રોમાં આશ્રવના કારણો કહ્યા. સામાન્યપણે યોગ અને વિશેષપણે ઈન્દ્રિય, અવ્રત, કષાય અને ક્રિયા ને કારણો કહ્યા છે. અહીં બંધના કારણો મિથ્યાત્વ આદિ પાંચ કહ્યા છે. તો જે આશ્રવના કારણો છે તે જ બંધના કારણો અને જે બંધના કારણો છે તે જ આશ્રવના કારણો થઈ જાય છે. તો આ બન્ને જુદા કહેવાનું કારણ શું?

સમાધાન: સામાન્યથી આશ્રવ અને બંધ (કર્મોનું આવવું અને આત્મા સાથે જોડાવું) આ બંને તત્ત્વો ને કંઈ અત્યંત ભિન્ન નથી પરંતુ કંઈક એકરૂપ છે. એટલે કારણો એકરૂપ ગણીએ તો કંઈ દોષ નથી છતાં વિશેષ વિચારીએ તો આશ્રવ અને બંધ બંને તત્ત્વો શાસ્ત્રોમાં ભિન્ન કહ્યા છે, માટે બંનેના કારણો ભિન્ન ગણાવ્યા છે. જ્યાં જ્યાં કાર્યભેદ હોય ત્યાં ત્યાં કારણભેદ હોય એટલે એ અપેક્ષાએ ભિન્ન ગણાવ્યા છે.
આશ્રવ અને બંધમાં, બંધ વધારે દુઃખદાયી છે. તેનો નાશ કરવો અતિ આવશ્યક છે. તેથી તેના કારણો પણ ક્રમસર નાશ થઈ શકે તે રીતે ક્રમસર કહ્યા છે.
મિથ્યાત્વ પહેલા ગુણઠાણા સુધી, અવિરતિ ચાર ગુણઠાણા સુધી, પ્રમાદ ૬ ગુણઠાણા સુધી, કષાય દસ ગુણઠાણા સુધી અને યોગ તેર ગુણઠાણા સુધી હોય છે. જેમ જેમ આ હેતુઓનો અભાવ થતો જાય છે તેમ તેમ આત્માની વિકાસકક્ષા ક્રમશ: ઉપર ને ઉપર ચઢતી જાય છે.

સકષાયત્વાજ્જીવઃ: કર્મણો યોગ્યાન્ પુદ્ગલાનાદત્તે ... ૮-૨

સકષાયત્વાત્ જીવઃ: કર્મણઃ: યોગ્યાન્ પુદ્ગલાન્ આદત્તે .... ૮-૨

સૂત્રાર્થ: જીવ કષાયયુક્ત હોવાથી કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે.

ભાવાર્થ: આશ્રવ તત્ત્વમાં સૂત્ર ૬-૨ અને ૬-૬ માં અને બંધતત્ત્વમાં સૂત્ર ૮-૧ માં કર્મબંધના હેતુઓ કહ્યા છે. પરંતુ તે સર્વેમાં કષાય જ મુખ્ય ભાગ ભજવી રહ્યો છે. તેથી આ સૂત્રમાં કષાયનો ઉલ્લેખ કરીને જણાવે છે કે આ જીવ કષાયવાળો છે તેથી તે જ કર્મબંધને યોગ્ય એવા કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને કર્મરૂપે રૂપાંતર કરે છે.

ચોથા સૂત્રમાં કહેલા ચાર પ્રકારના બંધમાં રસબંધ અને સ્થિતિબંધ મુખ્ય છે. તેમાં પણ રસબંધ મહત્ત્વનો છે. રસબંધ અને સ્થિતિબંધ કષાયની સહાયતાથી થાય છે માટે સર્વ પ્રકારના બંધ હેતુઓમાં કષાય જ પ્રધાન છે.

स बन्धः: ———— ८-३

સ બંધઃ: ... ૮-૩

સ બન્ધઃ: ... ૮-૩

સૂત્રાર્થ: તેને જ બંધ કહેવાય છે. આ દ્રવ્યબંધ છે.

ભાવાર્થ: કષાયવાળા જીવે ગ્રહણ કરેલા કાર્મણવર્ગણાના પુદ્ગલોનો આત્માની સાથે ક્ષીરનીર (દૂધ-પાણી) ની જેમ અને લોહાગ્નિ ની જેમ એકમેક જે સંબંધ તે બંધ કહેવાય છે. કાર્મણવર્ગણા જ કર્મસ્વરૂપે બને છે.

---

— सकषायत्वाज्जीवः: कर्मणो योग्यान् पुद्गलानादत्ते ...८-२

આ કર્મ આત્માના એક એક પ્રદેશમાં દૂધ અને પાણી જેમ એકમેક થાય તેમ અથવા તપેલા લોઢાના ગોળામાં લોઢું અને આગ જેમ એકમેક થાય તેમ વ્યાપ્ત બને છે.

પ્રકૃતિ-સ્થિત્યનુભાવ-પ્રદેશાસ્તદ્વિધયઃ --- ૮-૪

પ્રકૃતિ સ્થિતિ અનુભાવ પ્રદેશાઃ તદ્ વિધયઃ ૮-૪

સૂત્રાર્થ: પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાવબંધ (રસબંધ) અને પ્રદેશબંધ એમ બંધના ચાર પ્રકારો છે. (વિધયઃ=ભેદો)

ભાવાર્થ: આત્માની સાથે કાર્મણવર્ગણા લોહાગ્નિની જેમ જે એકમેક થાય છે અને કર્મરૂપે રૂપાંતર થાય છે તેને જ બંધ કહેવાય છે એવું બીજા સૂત્રમાં બતાવ્યું છે. જ્યારે બંધ થાય છે ત્યારે (એટલે કે તે જ સમયે) ~~[illegible]~~ (૧) સ્વભાવ (૨) સ્થિતિ (૩) ફળ આપવાની શક્તિ અને (૪) કર્મના અણુઓની વહેંચણી એ ચાર બાબતો નક્કી થાય છે. એ ચાર ગુણધર્મોવાળા પ્રદેશો બને તેને જ કર્મબંધ થયો કહેવાય છે. એ ગુણધર્મોનું ફળપ્રદાન ન થાય ત્યાં સુધી તે કાર્મણવર્ગણાના પ્રદેશો આત્માથી છૂટા પડતા નથી તેથી ભવાન્તરોમાં પણ આત્માની સાથે તે કર્મ જાય છે.

(૧) પ્રકૃતિબંધ: પ્રકૃતિ એટલે સ્વભાવ. કર્મના જે અણુઓનો આત્માની સાથે સંબંધ થયો તે અણુઓમાં કયા કયા અણુઓ આત્માના કયા ગુણને દબાવશે. આત્માને કેવી અસર પહોંચાડશે?

---

प्रकृति - स्थित्यनुभाव - प्रदेशास्तद्विधयः --८-४

એમ કર્મપુદ્ગલોના સ્વભાવનો નિશ્ચય થાય છે જેને પ્રકૃતિબંધ કહેવામાં આવે છે.

લાડવાના દ્રષ્ટાંતથી પ્રકૃતિબંધ વિચારીએ:
શરીરમાં થયેલા વાયુને દૂર કરે એવા સૂંઠ-મરી આદિ દ્રવ્યોથી બનાવેલ લાડવો જેમ વાયુનો હરે, પિત્તનો દૂર કરે તેવા જીરૂ આદિ દ્રવ્યો નાંખીને બનાવેલ લાડવો જેમ શરીરમાં પિત્તને દૂર કરે, અને કફને દૂર કરે એવા પિંડીપીપર આદિ દ્રવ્યો નાંખીને બનાવેલ લાડવો શરીરના કફને દૂર કરે છે. આવા વાયુ-પિત્ત અને કફને દૂર કરવાનો સ્વભાવ તે તે લાડવાનો છે. તેવી રીતે બંધાતુ કર્મ પણ કોઈ આત્માના જ્ઞાન ગુણને ઢાંકવાના સ્વભાવવાળું અને કોઈ કર્મ શાતા-અશાતા આપવાના સ્વભાવવાળુ બંધાય છે તે પ્રકૃતિબંધ કહેવાય છે. આ પ્રમાણે આત્માના અન્ય ગુણો વિશે પણ સમજવું.

(2) સ્થિતિબંધ: કર્મપુદ્ગલોમાં ઉત્પન્ન કરવામાં આવેલા સ્વભાવ ગુણોને આવરણ કરવાનો જે સ્વભાવ છે તે સ્વભાવ તે કર્મપુદ્ગલોમાં ક્યાં સુધી રહેશે? આત્મા ને કર્મ રૂપે બંધાયેલ કર્મપુદ્ગલો આત્મા સાથે કેટલો સમય રહેશે? એમ તે જ સમયે કાળમાપનું નક્કી થવું તે સ્થિતિબંધ. કર્મોની સ્થિતિના ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ મુખ્ય બે ભેદો છે. વધુમાં વધુ કેટલો કાળ રહે તે ઉત્કૃષ્ટ અને ઓછામાં ઓછો કેટલો કાળ રહે તે જઘન્ય.

જેમ કોઈ સુરમાનો લાડવો એક કે બે દિવસ સારો રહે. ચુરી નો લાડવો આઠ થી દસ દિવસ સારો રહે, શિયાળાના પાક રૂપે મેથી-ગુંદ વગેરે નો બનાવેલો લાડુ ત્રીસ દિવસ સારો રહે તેવી રીતે બંધાયેલું કર્મ આત્મા સાથે 20 કોડાકોડી સાગરોપમ રહે, કોઈ કર્મ 30 કો.કો. સાગ.

રહે અને કોઈ કર્મ ૭૦ કો.કો. સાગરોપમ પણ રહે.
આ પ્રમાણે આત્માની સાથે કર્મને રહેવાના કાળમાપનું
નક્કી થવું તે સ્થિતિબંધ

(૩) રસબંધ: (અનુભાવ અથવા અનુભાગ બંધ)
ગુણોને આવરવાનો અને આત્માને કર્મોમાં સંસારિક
સુખ દુઃખ આપવાનો સ્વભાવ આ આત્માએ કર્મપુદ્ગલોમાં
પ્રકૃતિબંધ દ્વારા નક્કી થયો તેની તરતમતા - હાનિવૃદ્ધિ - તીવ્રતા
- મંદતા ને રસબંધ કહેવાય છે. જેમ કે બંધાયેલા
જ્ઞાનાવરણીય કર્મમાં જ્ઞાન ઢાંકવાનો સ્વભાવ નિશ્ચિત થયો.
પરંતુ કોઈ વ્યક્તિ જુદા જુદા ઘણા ગુરુઓ પાસે જઈને
વિષય જુદી જુદી રીતે સમજે તો પણ તે વિષય પૂરો ન
સમજાય એવું બને. જ્યારે વ્યક્તિ તે જ વિષય એક જ
ગુરુ પાસે એકવાર સમજે તો પણ સમજાઈ જાય. આવી જે
જ્ઞાનાવરણમાં તરતમતા છે તેને રસબંધ કહેવાય છે.
જેમ સુરતના ઊંધિયાના વાડકા ગળ્યા (મીઠા) જ હોય છે
છતાં કોઈ વાડકો ઓછો ગળ્યો હોય છે અને કોઈ વાડકો
વધારે ગળ્યો હોય છે. તે જ રીતે પ્રતિસમયે બંધાતા કર્મોમાં
શુભકર્મ કે અશુભકર્મોનો રસ પણ ઓછો કે વધુ હોય છે
આ રસની તરતમતા જો કે અસંખ્ય જાતની હોઈ શકે છે
પણ જ્ઞાનીઓએ સ્થૂલવ્યવહારથી આ વાત સમજાવવા
રસબંધના એકસ્થાનિક, દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક અને
ચતુઃસ્થાનિક એમ ચાર ભેદો પાડેલા છે.
પુણ્ય પ્રકૃતિઓ સંસારિક સુખદાયી છે માટે તેને સમજાવવા
શેરડીના રસનું દૃષ્ટાંત અને પાપ પ્રકૃતિઓ સંસારિક દુઃખદાયી
છે માટે તેને સમજાવવા લીમડાના રસનું દૃષ્ટાંત આપેલ છે.

શેરડીનો અને લીમડાની ડાળીઓનો પીસવાથી જે સ્વાભાવિક રસ નીકળે તે રસના જેટલી મીઠાશ અને કડવાશ જે કર્મોમાં હોય તે એકસ્થાનિક રસબંધ.

તે સહજ રસના બનાવી બે ભાગ કરીને એક ભાગ ઉકાળવા દ્વારા બાળીને શેષ એક ભાગ રાખીએ અને તેમાં જેટલી મીઠાશ કે કડવાશ હોય તેટલી મીઠાશ-કડવાશ જે કર્મોમાં હોય તે દ્વિસ્થાનિક રસબંધ

એવી જ રીતે સ્વાભાવિક રસના બુદ્ધિથી ત્રણ ભાગ કરી, બે ભાગ બાળી એક ભાગ શેષ રાખીએ તે ત્રિસ્થાનિક રસબંધ.

સ્વાભાવિક રસના બુદ્ધિથી ચાર ભાગ કરી ત્રણ ભાગ બાળી શેષ એક ભાગ રાખીએ તે ચતુઃસ્થાનિક રસબંધ કહેવાય છે.

દાખલા તરીકે શેરડીનો કે લીમડાનો ૨૪ કિલો રસ લાવીએ. પરંતુ ઉકાળીએ નહિ તો તે સ્વાભાવિક રસ એકસ્થાનિક કહેવાય. હવે તે સ્વાભાવિક રસને ઉકાળીને ૧૨ કિલો રાખીએ તો દ્વિસ્થાનિક. ૨૪ કિ. રસને વધારે ઉકાળીને ૧૬ કિલો બાળી ૮ કિલો બાકી રાખીએ તો ત્રિસ્થાનિક અને જો તે સ્વાભાવિક ૨૪ કિલો રસને, ૧૮ કિલો બાળી ૬ કિલો બાકી રાખીએ તો ચતુઃસ્થાનિક કહેવાય છે.

માત્ર રસબંધની તરતમતા સમજાવવા માટે આ ઉદાહરણ દર્શાવ્યું છે.

ટૂંકમાં અનુભાગ બંધ (રસ બંધ) ~~[illegible]~~ કર્મના ફળની તીવ્રતા અથવા મંદતા દર્શાવે છે.

(ઘ) **પ્રદેશબંધ**: કર્માણુઓનો આત્માની સાથે બંધ થાય છે ત્યારે એ કર્માણુઓની આઠ પ્રકૃતિઓમાં (કર્મોમાં) વહેંચણી થાય છે. એ આઠ પ્રકૃતિઓમાં કર્માણુઓની વહેંચણી એ પ્રદેશબંધ. અર્થાત્ કર્મ બાંધતી વખતે યોગને અનુસાર ક્યારેક ઓછા પ્રદેશોવાળુ (તો પણ અનંતપરમાણુઓનો સ્કંધ જ), ક્યારેક વધારે પ્રદેશોવાળુ અને ક્યારેક અતિશય વધારે પ્રદેશોવાળુ કર્મ આ આત્મા બાંધે છે તે પ્રદેશબંધ.

દરેક કર્મના પ્રદેશોની સંખ્યા સરખી બંધાતી નથી. આયુષ્યના સૌથી અલ્પ, નામ, ગોત્રના તેથી વિશેષ પણ પરસ્પર સમાન, જ્ઞાન, દર્શન અંતરાયના તેથી પણ વિશેષ પણ પરસ્પર સમાન, મોહનીયના તેથી પણ વિશેષ અને વેદનીયના સૌથી વિશેષ પ્રદેશો બંધાય છે.

જ્યારે ખોરાક ખવાય છે ત્યારે એની સાથે પ્રકૃતિ આદિ ચારે ભાવોનું નિર્માણ તેમાં થાય છે. તેવી જ રીતે બંધાતા કર્મોમાં એક જ સમયે તે કર્મના પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશાત્મક ભાવોનું નિર્માણ થાય છે.

પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ મન-વચન-કાયાના <u>યોગના</u> આધારે થાય છે. જેમ જેમ આત્મામાં યોગ વધારે તેમ તેમ પ્રદેશો વધારે બંધાય અને યોગ ઓછો હોય તો પ્રદેશો ઓછા બંધાય.

સ્થિતિબંધ અને રસબંધ <u>કષાયના</u> આધારે થાય છે. કષાય વધારે હોય તો સ્થિતિ અને અશુભ કર્મોનો રસ વધારે બંધાય અને કષાય ઓછો હોય તો સ્થિતિ અને અશુભ કર્મોનો રસ ઓછો બંધાય છે.

આદ્યો જ્ઞાન - દર્શનાવરણ - વેદનીય - મોહનીયાયુષ્ક - નામ
ગોત્રાન્તરાયા: . . . . . . . . ૮-૪

આદ્યો જ્ઞાન - દર્શનાવરણ - વેદનીય - મોહનીય - આયુષ્ક -
નામ - ગોત્ર - અન્તરાયા: . . . . ૮-૪

સૂત્રાર્થ: પ્રકૃતિબંધના (આઠના) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એમ આઠ ભેદો છે.

ભાવાર્થ: સામાન્યથી કર્મ એક છે.
પુણ્ય - પાપ ની અપેક્ષાએ કર્મના બે ભેદ છે.
પ્રકૃતિ, સ્થિતિ, રસ (અનુભાગ) અને પ્રદેશની અપેક્ષાએ કર્મના ચાર ભેદ છે.
જ્ઞાનાવરણ, દર્શનાવરણ આદિ ની દ્રષ્ટિએ કર્મના આઠ ભેદ છે.
એક એક મૂળ કર્મના પેટાભેદો ગણતા આઠે કર્મના કુલ એકસો અઠ્ઠાવન (૧૫૮) (પેટાભેદો) છે. આઠે મૂળ કર્મોમાંથી આયુષ્ય સિવાયના સાત મૂળ કર્મો આ આત્મા નવમા ગુણઠાણા સુધી પ્રતિસમયે સતત બાંધે છે. આયુષ્ય કર્મ ભવમાં એક જ વાર બાંધે છે.

સંસારના તમામ પદાર્થોમાં બે જાતના ધર્મો છે.
સામાન્યધર્મ અને વિશેષધર્મ.
જ્યારે વસ્તુ સ્પષ્ટ ન જણાય પરંતુ આ કંઈક છે એમ અસ્પષ્ટ જણાય તે સામાન્ય ધર્મ અને તે જ વસ્તુ જ્યારે સ્પષ્ટ પણે જણાય ત્યારે તે વિશેષ ધર્મ કહેવાય છે. વસ્તુના ધર્મો બે પ્રકારના હોવાથી તે ધર્મોને જાણવાની આત્માની શક્તિ પણ બે પ્રકારની કહેવાય છે.

आद्यो ज्ञान - दर्शनावरण - वेदनीय - मोहनीयायुष्क - नाम -
गोत्रान्तरायाः — ८-५

(૧) જ્ઞાનાવરણ:- જેના વડે જ્ઞાન અર્થાત્ વિશેષ બોધ આવરાય (ઢંકાય) તે જ્ઞાનાવરણ. અર્થાત્ જે કર્મ આત્માના જ્ઞાનગુણને ઢાંકી દે તે જ્ઞાનાવરણીય કહેવાય છે. આ કર્મ આંખ ઉપરના પાટા જેવું છે. જેમ આંખની આડો પાટો હોય તો માણસ જોઈ શકતો નથી તેવી રીતે જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી જીવ વસ્તુના વિશેષધર્મોને જાણી શકતો નથી.

(૨) દર્શનાવરણ:- જેના વડે દર્શન અર્થાત્ સામાન્ય બોધ આવરાય (ઢંકાય) તે દર્શનાવરણ. જે કર્મ આત્માના દર્શન ગુણને ઢાંકી દે તે દર્શનાવરણીય કહેવાય છે. જેમ રાજાને મળવા આવનાર વ્યક્તિને દ્વારપાળ રોકે એટલે રાજા તેને જોઈ શકતો નથી તેમ આત્મા (જીવ) રૂપી રાજા દર્શનાવરણીય કર્મના ઉદયથી સામાન્ય દર્શનો જાણી શકતો નથી.

(૩) વેદનીય:- જેના વડે સુખ કે દુઃખ અનુભવાય તે વેદનીય. જે કર્મપુદ્ગલો આત્માના અનંત અવ્યાબાધ સુખને રોકીને બાહ્ય સુખ અને દુઃખ આપે તે વેદનીય કહેવાય છે. જેમ મધ વડે લેપાયેલી તલવારની ધારની મીઠાશ પણ અનુભવાય છે અને ધાર વાગવાથી દુઃખ પણ થાય છે તેમ અહીં જીવને શાતા તથા અશાતા બંને અનુભવવું પડે છે.

(૪) મોહનીય: જેના વડે આત્મા મોહ પામે તે મોહનીય. આ કર્મ ઉદયમાં આવે ત્યારે આત્માને મોહ પમાડે, આસક્તિ વધારે અને અકર્તવ્યો કરાવે.

મોહનીય કર્મનો સ્વભાવ આત્માના સમ્યક્ત્વ ગુણ તથા અનંત ચારિત્ર ગુણને રોકવાનો છે. આ કર્મ મદિરા જેવું છે. જેમ મદિરા (Alcohol) પીવાથી જીવ (આત્મા) વિવેકરહિત બને છે અને હિત-અહિતને જાણી શકતો નથી, તેમ મોહનીય કર્મના ઉદયથી આત્મા ધર્મ-અધર્મ સમજી શકતો નથી અને આચરણમાં મૂકી શકતો નથી.

(૫) આયુષ્ય કર્મ:- અક્ષય સ્થિતિ ગુણને રોકીને જન્મ-મરણનો અનુભવ કરાવનારા કર્મપુદ્ગલો તે આયુષ્ય કર્મ. જે કર્મના અસ્તિત્વથી પ્રાણી જીવતો રહે છે અને જેના વિયોગથી મરણ પામે છે આવો જીવન-મરણનો વ્યવહાર જેના આધારે થાય છે તેને આયુષ્ય કર્મ કહેવાય છે. આયુષ્ય કર્મ પગમાં નાંખેલી બેડી જેવું છે. જેમ પગમાં નંખાયેલી બેડીવાળો મનુષ્ય તેની નિયત મુદત (fixed Time) પહેલા તેમાંથી નીકળી શકતો નથી, એવી જ રીતે આયુષ્યકર્મના ઉદયવાળો જીવ તે તે ભવમાંથી આયુષ્ય પૂર્ણ થયા પહેલા નીકળી શકતો નથી.

(૬) નામ કર્મ:- આત્માના અરૂપીપણાના ગુણનો દબાવીને મનુષ્યાદિ પર્યાયોનો અનુભવ કરાવનારા કર્મપુદ્ગલો તે નામ કર્મ. નામ કર્મ આત્માને શરીર-ઈન્દ્રિય-શરીરની રચના-રૂપ-રંગ વિગેરે આપવાનો સ્વભાવ વાળુ છે.

જેમ ચિત્રકાર (Painter) રંગ-બેરંગી ચિત્રો ચિતરે છે તેમ નામ કર્મ શરીરે શરીરે ભિન્ન ભિન્ન રચના કરે છે.

(૭) ગોત્ર કર્મ:- જેનાથી ઉચ્ચપણું કે નીચપણું પમાય તે ગોત્ર. આત્માના અગુરૂ લઘુ ગુણનું આવરણ કરવા માટે જ આત્માને ઉચ્ચ-નીચ તરીકે ઓળખાવવાનો સ્વભાવ જે કર્મ પુદ્ગલોના જથ્થામાં ઉત્પન્ન થાય તે ગોત્ર કર્મ.

આ કર્મ કુંભાર (Potter) જેવું છે. કુંભાર જે જાતના ઘડા બનાવે છે. જેવું કુંભસ્થાપન - ઘડાની ચોરી આદિ સારા કાર્યોમાં વપરાય અને બીજા માંસ-મદિરા આદિ ભરવાના તુચ્છ કાર્યોમાં વપરાય. તેવી રીતે ગોત્રકર્મ આ જીવને સંસ્કારી અને અસંસ્કારી કુળોમાં જન્મ અપાવે છે.

(૮) અંતરાય કર્મ:- આત્માના અનંતવીર્ય ગુણને દબાવનારા કર્મપુદ્ગલો તે અંતરાય કર્મ.

આત્માને દાનાદિ કરતા રોકે - વિઘ્ન કરે એવા સ્વભાવવાળુ જે કર્મ તે અંતરાય કર્મ કહેવાય છે. આ કર્મ રાજાના ભંડારી જેવું છે. રાજાની દાન આપવાની ઈચ્છા હોવા છતાં પણ ભંડારી જો પ્રતિકૂળ હોય તો રાજાને "દાન આપ્યા જ કરશો તો તમારો ભંડાર ખૂટી જશે" એમ સમજાવી દાન આપવામાં અંતરાય ઉભો કરે છે. તેમ આ કર્મ જીવને દાનાદિ ગુણોમાં વિઘ્નકર્તા છે, અને આત્માની વીર્ય, દાન, લાભ, ભોગ અને ઉપભોગ રૂપ શક્તિઓનો ઘાત કરે છે.

હવે પછીના સૂત્રમાં પ્રકૃતિબંધના ઉત્તરભેદોની સંખ્યા દર્શાવે છે.

પંચ - નવ - દ્વયષ્ટાવિંશતિ - ચતુર્દ્વિચત્વારિંશદ -
દ્વિ - પંચભેદા યથાક્રમમ્ ૮-૬

પંચ - નવ - દ્વિ - અષ્ટાવિંશતિ - ચતુઃ - દ્વિચત્વારિંશદ્ -
દ્વિ - પંચ - ભેદાઃ યથાક્રમમ્ ૮-૬

સૂત્રાર્થ: આઠ કર્મોના (મૂળ પ્રકૃતિના) અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્ઠાવીસ, ચાર, બેંતાલીસ, બે અને પાંચ ભેદો છે.

ભાવાર્થ: જ્ઞાનાવરણીયના ૫, દર્શનાવરણીયના ૯, વેદનીયના ૨, મોહનીયના ૨૮, આયુષ્યના ૪, નામકર્મના ૪૨, ગોત્રકર્મના ૨, અને અંતરાય કર્મના ૫, ભેદો છે. ~~આ~~ કુલ ભેદો ૯૭ છે.
નામ કર્મના જે ૪૨ ભેદ કહ્યા, તેના પ્રતિભેદો ૬૭, ૯૩ અને ૧૦૩ પણ થાય છે.

~~मत्यादीनाम्~~ ૮-૭

મત્યાદીનામ્ - - - - - - ૮-૭

મતિ આદીનામ્ - - - - - - ૮-૭

આ સૂત્રમાં જ્ઞાનાવરણીય પ્રકૃતિના પાંચ ભેદો કહ્યા છે.

સૂત્રાર્થ: મતિજ્ઞાન વગેરે પાંચ જ્ઞાનોના આવરણો એટલે જ્ઞાનાવરણીય કર્મ પાંચ પ્રકારે છે.

ભાવાર્થ: જ્ઞાન પાંચ છે.
મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન. તેને આવરણ કરનારા કર્મો પણ પાંચ પ્રકારના છે.

पञ्च - नव - द्वयष्टाविंशति - चतुर्द्विचत्वारिंशद् - द्वि -
पञ्चभेदा यथाक्रमम् — ८-६

(૧) મતિજ્ઞાનાવરણ:- ઇન્દ્રિયો અને મન દ્વારા પ્રગટ થતું જે જ્ઞાન તે મતિજ્ઞાન. તેને આચ્છાદન કરે અથવા રોકે તે મતિજ્ઞાનાવરણીય કર્મ.

(૨) શ્રુતજ્ઞાનાવરણ: ગુરુગમ, આગમ અથવા શાસ્ત્રો દ્વારા થતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. તેને આચ્છાદન કરે અથવા રોકે તે શ્રુતજ્ઞાનાવરણીય કર્મ

(૩) અવધિજ્ઞાનાવરણ: ઇન્દ્રિયોની મદદ વિના, આત્મા વડે રૂપી દ્રવ્યોનું થતું જ્ઞાન તે અવધિજ્ઞાન. તેને આચ્છાદન કરે અથવા રોકે તે અવધિજ્ઞાનાવરણીય કર્મ.

(૪) મનઃપર્યવજ્ઞાનાવરણ: અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનના ભાવોને જાણવાની આત્માની શક્તિ તે મનઃપર્યવજ્ઞાન. તેને આચ્છાદન કરે અથવા રોકે તે મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ.

(૫) કેવળજ્ઞાનાવરણ: ત્રણે લોકમાં રહેલા સર્વે દ્રવ્યોના ત્રણે કાળના સર્વ પર્યાયોને જાણવા તે કેવળજ્ઞાન. તેને આચ્છાદન કરે અથવા રોકે તે કેવળજ્ઞાનાવરણીય કર્મ.

હવે પછીના સૂત્રમાં દર્શનાવરણ કર્મના (પ્રકૃતિના) ભેદો સમજાવે છે.

ચક્ષુર ચક્ષુર વધિ કેવલાનાં નિદ્રા - નિદ્રાનિદ્રા - પ્રચલા - પ્રચલા પ્રચલા - સ્ત્યાનર્દ્ધિ વેદનીયાનિ ચ ....- ૮-૮

ચક્ષુ: - અચક્ષુ: - અવધિ - કેવલાનાં નિદ્રા - નિદ્રાનિદ્રા - પ્રચલા - પ્રચલા પ્રચલા - સ્ત્યાનર્દ્ધિ - વેદનીયાનિ ચ - ૮-૮

સૂત્રાર્થ: ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન, નિદ્રાવેદનીય, નિદ્રાનિદ્રાવેદનીય, પ્રચલાવેદનીય, પ્રચલાપ્રચલાવેદનીય અને સ્ત્યાનર્દ્ધિવેદનીય એમ નવ પ્રકારનું દર્શનાવરણીય કર્મ છે.

ભાવાર્થ: પાંચ ઇન્દ્રિયો અને મન દ્વારા મતિ-શ્રુત જ્ઞાન થાય છે. તે બંને પરોક્ષજ્ઞાન વડે વસ્તુમાં રહેલા સામાન્ય અને વિશેષ એમ બંને પ્રકારના ધર્મોનો બોધ થાય છે. તેમાં સામાન્ય ધર્મોનો જે બોધ તે દર્શન અને વિશેષ ધર્મોનો જે બોધ તે જ્ઞાન કહેવાય છે.

ચક્ષુદર્શનાવરણ:
રૂપમાં ચક્ષુ વડે સામાન્યથી બોધ થાય તેને ચક્ષુદર્શન કહે છે, અને તે ચક્ષુરિન્દ્રિય કે તેના ઉપરના ભાગો જ થાય છે. આ બોધને આવરણ કરે તે ચક્ષુદર્શનાવરણ કર્મ. તેના ક્ષયોપશમ પ્રમાણે આત્મા ચક્ષુ દ્વારા કોઈ પદાર્થનો સામાન્ય બોધ કરી શકે છે.

અચક્ષુદર્શનાવરણ: આંખ સિવાયની ચાર ઇન્દ્રિયો અને મન દ્વારા થતો વસ્તુનો સામાન્ય બોધ તે અચક્ષુદર્શન, તેનો આવરણ કરનારું કર્મ તે અચક્ષુદર્શનાવરણ કર્મ.

चक्षुरचक्षुरवधिकेवलानां निद्रा - निद्रानिद्रा - प्रचला प्रचलाप्रचला - स्त्यानर्द्धिवेदनीयानि च —८-८

અવધિ દર્શનાવરણ: ઇન્દ્રિય અને મનની સહાય વિના જ આત્માને રૂપી દ્રવ્યના સામાન્ય દર્શનો જે બોધ થાય છે તેને અવધિદર્શન કહે છે. તેનું આવરણ કરનાર કર્મો અવધિદર્શનાવરણ કર્મ કહેવાય છે.

કેવળદર્શનાવરણ: રૂપી અરૂપી સર્વ પદાર્થોનો સામાન્ય રૂપે બોધ તે કેવળદર્શન. તેને આવરણ કરનાર કર્મ તે કેવળદર્શનાવરણ કર્મ.

શંકા: મતિજ્ઞાનાદિ માફક મનઃપર્યવજ્ઞાનમાં સામાન્ય અને વિશેષ બોધ આવા ભેદ કેમ નહિ?

સમાધાન: કેમકે મનના પર્યાયો નજીક આકાર તે મનઃપર્યવજ્ઞાન. મનના પર્યાયો વિશેષરૂપ છે. આથી મનઃપર્યવજ્ઞાનમાં પ્રથમ જ વિશેષબોધ થાય છે. આમ મનઃપર્યવજ્ઞાન પણ ક્ષયોપશમ છે પણ તેથી ચક્ષુદર્શન આદિની જેમ મનઃપર્યવદર્શન નથી.

શંકા: મનઃપર્યવજ્ઞાનના બે ભેદ છે. ઋજુમતિ અને વિપુલમતિ. ઋજુમતિને સામાન્ય મનઃપર્યવજ્ઞાન ન કહેવાય?

સમાધાન: ના. ઋજુમતિ વિશેષબોધ રૂપ હોવા છતાં વિપુલમતિની અપેક્ષાએ (comparison માં) સામાન્ય બોધરૂપ છે. વિશેષબોધની જ તરતમતા બતાવવા મનઃપર્યવજ્ઞાનના બે ભેદ બતાવ્યા છે.

વળી દર્શનાવરણ કર્મના ભેદ રૂપે નિદ્રા પંચક બતાવે છે ત્યાં સૂત્રકારે વેદનીય શબ્દ જોડવાનું સૂચન કર્યું છે.

આગળ જણાવેલા ચાર દર્શનાવરણીય કર્મોમાંથી કેવળદર્શનાવરણીય સિવાયના બાકીના ત્રણ કર્મોનો (ચક્ષુદર્શનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય અને અવધિ દર્શનાવરણીય) ક્ષયોપશમ થઈ શકે છે.

જે ત્રણ કર્મોના ક્ષયોપશમથી અનુક્રમે ચક્ષુ, અચક્ષુ અને અવધિ દર્શન લબ્ધિ ના અનેક પ્રકાર થાય છે. તે પ્રકાર થયેલી (પ્રાપ્ત થયેલી) દર્શનલબ્ધિનો નિદ્રાપંચક ઘાત કરે છે. તેથી નિદ્રાપંચકને પણ દર્શનાવરણીયમાં ગણેલ છે. નિદ્રાપંચકના ઉદયમાં આ અનેક ઉઘાડી રહેલી હોય પણ દર્શનલબ્ધિઓનો નાશ થાય છે. જે કારણે ચક્ષુ આદિ ઇન્દ્રિયોથી વિષયનો (પદાર્થોનો) બોધ થતો નથી. તેથી ચાર દર્શનાવરણીય કર્મ મૂળ દર્શન ગુણના આવરક (ઢાંકનારા) હોવાથી અને નિદ્રાપંચક પ્રાપ્ત દર્શન લબ્ધિ ના ઘાતક હોવાથી જૈન શાસ્ત્રોમાં દર્શનાવરણીય કર્મના નવ ભેદ કહ્યા છે.

<u>નિદ્રા વેદનીય દર્શનાવરણ કર્મ:</u>

જે કર્મના ઉદયથી સહેજ પ્રયત્ન વિના સુખપૂર્વક જાગી શકાય તેવી ઊંઘ તે નિદ્રા વેદનીય દર્શનાવરણ કર્મ.

નિદ્રા નિદ્રા વેદનીય દર્શનાવરણીય કર્મ: કષ્ટપૂર્વક - ઘણાં જ પ્રયત્નપૂર્વક જાગી શકાય એવી ગાઢ ઊંઘ તે નિદ્રાનિદ્રા. જે કર્મના ઉદયથી આવી ગાઢ ઊંઘ આવે તેને નિદ્રાનિદ્રા વેદનીય દર્શનાવરણીય કર્મ કહેવાય છે.

પ્રચલા વેદનીય દર્શનાવરણીય કર્મ: બેઠાં બેઠાં ઊંઘ આવે તે પ્રચલા. જે કર્મના ઉદયથી પ્રચલા ઊંઘ આવે તે પ્રચલા વેદનીય દર્શનાવરણીય કર્મ.

પ્રચલા પ્રચલા વેદનીય દર્શનાવરણીય કર્મ: ચાલતાં ચાલતાં ઊંઘ આવે તે પ્રચલા પ્રચલા. જે કર્મના ઉદયથી આવી ઊંઘ આવે તે પ્રચલા પ્રચલા વેદનીય દર્શનાવરણીય કર્મ. બળદ અને ઘોડો ચાલતાં ચાલતાં ઊંઘતા હોય તેવું બને છે.

સ્ત્યાનર્દ્ધિ વેદનીય દર્શનાવરણીય કર્મ: જે કર્મના ઉદયથી જાગૃત અવસ્થામાં ચિંતવેલ કાર્યને નિદ્રાવસ્થામાં સાધવાનું બળ પ્રગટે છે તે સ્ત્યાનગૃદ્ધિ અથવા સ્ત્યાનર્દ્ધિ. આ નિદ્રામાં સહજ બળ કરતાં અનેક ગણું બળ પ્રગટે છે. આ જાતની ઊંઘ દૂર થઈ ગયા પછી નિદ્રા અવસ્થામાં કરેલા કાર્યનું તેને સ્મરણ રહેતું નથી.

વજ્ર ઋષભનારાચ સંઘયણવાળા જીવને જ્યારે સ્ત્યાનર્દ્ધિ નિદ્રાનો ઉદય હોય છે ત્યારે નિદ્રામાં તેને વાસુદેવના અર્ધબળ જેટલું બળ આવી જાય છે. આ નિદ્રાના ઉદયવાળો જીવ મરીને નરકમાં જાય છે.

આ ઉંઘમાં વિશેષતા એ છે કે ઉંઘમાં ને ઉંઘમાં ઉઠીને અસંભવ કામો કરી આવે છે જેમ કે કોઈ મુનિને બહાર સ્થંડિલ જતી વખતે કોઈ હાથીએ ઉપદ્રવ કર્યો ત્યારે મુનિને ક્રોધ ચડેલો હતો. તેથી રાતમાં ઉઠીને તે હાથીના દંતશૂળ ખેંચી નાખ્યા, ને ફેંકી દઈને ઉપાશ્રયની બહાર ફેંકી ગયા. સવારે ગુરુને ખબર પડી કે આ મુનિને સ્ત્યાનર્દ્ધિ નિદ્રાનો ઉદય છે. સ્ત્યાનર્દ્ધિ કે સ્ત્યાનગૃદ્ધિ આ બંને શબ્દોને પ્રાકૃત ભાષામાં "થિણદ્ધિ" કહે છે.
ઋદ્ધિ એટલે શક્તિ અને ગૃદ્ધિ એટલે આસક્તિ સ્ત્યાન એટલે ભેગી થયેલી - એકઠી થયેલી.

શંકા: દર્શનાવરણીય પ્રકૃતિના ભેદમાં નિદ્રા-વેદનીય આદિ પાંચનો ઉલ્લેખ કરવાનું શું કારણ? વેદનીયકર્મનો તો ભેદ જુદો જ કર્યો છે.

સમાધાન: અહીં વેદનીય શબ્દથી આ વેદનીય કર્મ છે એમ સમજવાનું નથી. આ પાંચે દર્શનાવરણીયના જ ભેદ છે. ફર્ક એટલો જ છે કે ચક્ષુદર્શનાવરણીય વગેરે ચાર કર્મ મૂળથી જ દર્શન લબ્ધિને રોકે છે. જ્યારે નિદ્રાવેદનીય આદિ પાંચ કર્મ (નિદ્રા પંચક) ચક્ષુદર્શનાવરણીય આદિના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલી દર્શન લબ્ધિને રોકે છે.
જેમ કે જીવ જ્યારે ઊંઘી જાય છે ત્યારે ચક્ષુદર્શન આદિથી પ્રાપ્ત થયેલી લબ્ધિનો કાંઈ ઉપયોગ થતો નથી. આ રીતે નિદ્રાવેદનીય આદિ પાંચ કર્મ પણ દર્શનાવરણીય કર્મના જ ભેદ છે. વેદનીય શબ્દ "જે વેદાય તે વેદનીય" એવા અર્થમાં વાપરેલો છે પણ વેદનીય કર્મના અર્થમાં વપરાયો નથી.

સદ્ અસદ્ વેદ્યે ---- ૮-૯

સદ્ - અસદ્ - વેદ્યે ---- ૯-૯

સૂત્રાર્થ: સાતાવેદનીય અને અસાતાવેદનીય એમ વેદનીય પ્રકૃતિના બે ભેદ છે.

ભાવાર્થ: જે કર્મના ઉદયથી શારીરિક અને માનસિક સુખનો અનુભવ થાય તે સાતાવેદનીય કર્મ. જેના ઉદયથી બાહ્ય ઇષ્ટ સાધન દ્વારા સુખનો અનુભવ કરે તે શાતાવેદનીય, જે પ્રાય: દેવ અને મનુષ્ય ભોગવે છે.

જે કર્મના ઉદયથી શારીરિક અને માનસિક દુ:ખનો અનુભવ થાય તે અસાતા વેદનીય.
જેના ઉદયથી બાહ્ય અનિષ્ટ સાધન દ્વારા દુ:ખનો અનુભવ કરે તે અશાતા વેદનીય કર્મ જે પ્રાય: તિર્યંચો અને નારકો ભોગવે છે.
બીજા શબ્દોમાં કહીએ તો જે કર્મના ઉદયથી આત્માને અનુકૂળ વિષયોની અપ્રાપ્તિ અથવા પ્રતિકૂળ વિષયોની પ્રાપ્તિ થવાથી જે દુ:ખનો અનુભવ થાય છે તેને અસાતા વેદનીય કર્મ કહેવાય છે.
વેદનીય કર્મજન્ય સુખ-દુ:ખની અનુભૂતિ ક્ષણિક હોય છે તે સમજવું.

હવે પછીના સૂત્રમાં મોહનીય કર્મ પ્રકૃતિના ૨૮ ભેદો જણાવેલ છે.

સદસદ્વેદ્યે — ૮-૯